# શહેરમાં મતદારયાદી સુધારણાની કામગીરીમાં ઉદાસીનતા

## બુથલેવલ ઓફિસર મતદારીયાદી સુધારણા ઝુંબેશમાં ઉદાસીન હોવાની શહેરના ધારાસભ્ય અશોક પટેલની સંકલન સમિતિની બેઠકમાં ફરિયાદ : કલેક્ટરે તપાસના હૂકમો કરી સપ્તાહમાં અહેવાલ આપવા આદેશો કર્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં બુથ લેવલ ઓફિસર્સ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશની કામગીરીમાં ઉદાસીનતા દાખવવામાં આવતી હોવાની ગંભીર ફરિયાદ ધારાસભ્ય શ્રી અશોક પટેલે આજે જિલ્લા સંકલન સમિતિમાં કરી હતી.

જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં ધારાસભ્યશ્રીની આ ફરિયાદને અતિ ગંભીરતાથી લેવામાં આવી છે.

ધારાસભ્યશ્રીએ તેમની ફરિયાદમાં જણાવ્યુ હતુ કે મતદારયાદી સુધારણા ઝુંબેશમાં બી.એલ.ઓ. એ ઘરેઘરે ફરી મતદારોની ચકાસણી કરી અને નવા ફોર્મ સ્વીકારવાની કામગીરી પણ કરવાની હોય છે. પણ તે કરવામાં આવતી નથી. તેમણે આ અંગે કેટલાક સેક્ટરોના નંબર પણ આપી આ રજુઆત કરી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ તુરત જ આ અંગે ગાંધીનગર(દ)ના ચૂંટણી અધિકારી શ્રી કુચારાને તાત્કાલિક આ ફરિયાદના અનુસંધાને તપાસ કરી અને પોતાનો અહેવાલ એક સપ્તાહમાં આપવાના આદેશ કર્યા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશની કામગીરી સારી ચાલી રહી છે ત્યારે ઉઠેલી આ ફરિયાદને લઈ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. ગત સપ્તાહે ખાસ ઝુંબેશ દરમ્યાન કલેક્ટરશ્રીએ ત્રણ થી ચાર સેક્ટરોના બુથોની મુલાકાત પણ લીધી હતી જે ઉલ્લેખનીય છે.


## ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ૩૮૨૦૧૧

**વ્યવસાયવેરા કરદાતાઓ જોગ**

### જાહેર નોટીસ

આથી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગારમાં રોકાયેલ અને ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈઓ મુજબ વ્યવસાયવેરાને પાત્ર થતાં મ્યુનિ. કોર્પો.ના વ્યવસાય વેરા વિભાગ ખાતે નોંધાયેલ / બિન નોંધાયેલ વ્યક્તિ / સંસ્થાઓને જણાવવામાં આવે છે કે, અધિનિયમની જોગવાઈ મુજબ ચાલુ નાણાંકીય વર્ષ-૨૦૧૩-૧૪માં વ્યક્તિ / સંસ્થાઓએ ભરવાનો થતો વાર્ષિક ઈ.સી. વેરો ભરવાની છેલ્લી તા. ૩૦/૯/૨૦૧૩ હોએ ઈ.સી. વેરાને પાત્ર થતાં નોંધાયેલ / બિન નોંધાયેલ તમામ કરદાતાઓએ ચાલુ વર્ષનો ભરવાનો થતો વાર્ષિક વેરો તા. ૩૦/૯/૨૦૧૩ સુધીમાં મ્યુનિ. કોર્પોરેશનના સેવા સદન ખાતે ભરી દેવો.

તા. ૩૦/૯/૨૦૧૩ બાદ ઈ.સી. વ્યવસાય વેરો ભરનાર તેમજ ન ભરનાર વ્યક્તિ / સંસ્થા અધિનિયમની જોગવાઈઓ મુજબ દંડ અને કલમ-૯ (૨) મુજબ માસિક ૧.૫૦%ના દરે વ્યાજને પાત્ર બનશે. જેની તમામ કરદાતાઓએ નોંધ લેવી.

**(અ) વ્યક્તિ / સંસ્થાઓને લાગુ પડતો (ઈ.સી.) વેરાનો દર :**

| કમ | વ્યક્તિઓનો વર્ગ | વાર્ષિક દર રૂ. |
|---|---|---|
| ૧. | તમામ એડવોકેટ, સોલીસીટર્સ, નોટરી, ડૉક્ટર, આર્કિટેક્ટ, એન્જીનીયર, તમામ કન્સલ્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વીમા શાસ્ત્રી, વિમા એજન્ટો અને સર્વેયર, કોન્ટ્રાક્ટર, દલાલ, કમિશન એજન્ટ, ઓટો મોબાઈલ બ્રોક્સ, ટુર ઓપરેટર, ટ્રાવેલ એજન્ટ, કેબલ ટી.વી. ઓપરેટર, ફિલ્મ વિતરક, એડ એજન્સી, ટ્યુશન અને ટ્યુટોરીયલ ઈન્સ્ટિટ્યુટ, કોમ્પ્યુટર શિક્ષણ-તાલીમ અને ઈન્ફોર્મેશન આપતી સંસ્થા, ડ્રાઈવીંગ સ્કૂલ, મેરેજ હોલ, પાર્ટી પ્લોટ, આંગડીયા, કુરીયર, હેલ્થ મનોરંજન કલબ, શેર દલાલ, પેટ્રોલ પંપ અને સર્વિસ સ્ટેશન, વિદેશી દારૂ વેચનાર પરમીટધારક, નિવાસી હોટલ અને થિયેટર, તમામ પબ્લિક અને પ્રાઈવેટ લીમીટેડ કંપની, તમામ બેન્કીંગ કંપની, રજીસ્ટર થયેલ સહકારી મંડળી, એસ્ટેટ એજન્ટ / બ્રોક્સ, વિડીયો પાર્લર, વીડીયો લાયબ્રેરી, રજીસ્ટર થયેલ પેઢી, કારખાનાના ભોગવટેદાર, નાણાં ધીરધાર, ટ્રાન્સપોર્ટર્સ અને અધિકૃત સ્ટેમ્પ વેન્ડર વગેરે તેમજ રાજ્ય સરકારશ્રીના નાણા વિભાગ ૧/૪/૨૦૦૮ના ક્રમાંક (જીએચએન-૧૦) - પીએકટી - ૨૦૦૮ - એસ-૩ (૨)(૩)-૬ મુજબ બહાર પડાયેલ અનુસુચિના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલા (વેટ કેટેગરીમાં સમાવેશ થતો હોય તે સિવાયના) બાકી રહેતા તમામ વ્યક્તિઓનો વર્ગ | ૨૦૦૦/- |
| ૨. | **ગુજરાત વેચ એક્ટ-૨૦૦૩ હેઠળ નોંધણીને પાત્ર થતાં વેપારીઓ કે જેઓનું વાર્ષિક ટન ઓવર** | |
| | (૧) રૂ. ૨,૫૦,૦૦૦/-થી વધુ ન હોય તો | શૂન્ય |
| | (૨) રૂ. ૨,૫૦,૦૦૦/- થી વધુ અને રૂ. ૫,૦૦,૦૦૦/-થી વધુ ન હોય તો | ૫૦૦/- |
| | (૩) રૂ. ૫,૦૦,૦૦૦/-થી વધુ અને રૂ. ૧૦,૦૦,૦૦૦/-થી વધુ ન હોય તો | ૧૨૫૦/- |
| | (૪) રૂ. ૧૦,૦૦,૦૦૦/-થી વધુ હોય તો | ૨૪૦૦/- |

**(અ) પગારદાર / વેતનદરને લાગુ પડતો (આર.સી.) વેરાનો દર :**

| કમ | માસિક પગાર / વેતન | માસિક દર રૂ. |
|---|---|---|
| ૧ | રૂ. ૬,૦૦૦/-થી ઓછો | શૂન્ય |
| ૨. | રૂ. ૬,૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂ. ૯,૦૦૦/-થી ઓછો | ૮૦/- |
| ૩. | રૂ. ૯,૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂ. ૧૨,૦૦૦/-થી ઓછો | ૧૫૦/- |
| ૪. | રૂ. ૧૨,૦૦૦/- અથવા તેથી વધુ | ૨૦૦/- |

**ખાસ નોંધ :** (૧) વ્યવસાયવેરાની રકમ મ્યુનિ. કોર્પો.ના સેવા સદનમાં રોકડા અથવા મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગરના નામનો ગાંધીનગર ખાતે પેયેબલ ચેક / પે ઓર્ડર / ડિમાન્ડ ડ્રાફ્ટથી ભરી શકાશે. (૨) વ્યક્તિ / વ્યવસાયીઓની એક કરતાં વધુ શાખા / બ્રાન્ચ હોય તો બ્રાન્ચ દીઠ અલગ વેરો ભરવાનો થશે. (૩) જુના બાકી વેરાના કિસ્સામાં જે તે વર્ષમાં વ્યવસાયવેરાના જે દર અમલમાં હોય તે દરે વેરો ભરવાનો રહેશે. (૪) વ્યવસાય વેરાને લગતી વધુ માહિતીની જરૂરિયાત હોય તો રૂબરૂ સેવા સદનમાં સંપર્ક કરી શકાશે.

**એલ. પી. પાડલીયા**
**મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર**

માહિતી/૧૨૮૨/૧૩-૧૪

(તસવીર : કશ્યપ નિમાવત)

રે પંખીડા સુખથી ચણજો - કવિની કલ્પનાને સાકાર કરતી આ તસવીર લાગણીનો મેળો સર્જે છે... અબોલ પંખીઓ માટે ચણ નાખવાની પરંપરા ભારતીય સંસ્કૃતિમાં અજોડ સ્થાન પામી છે... ગ્રામીણ સંસ્કૃતિમાં તો ગામે ગામ ચબૂતરા નિર્માણ કરાયા છે. રજવાડાઓમાં તો રાજાઓ દવાખાનાઓ અને શાળાઓની સાથે ચબૂતરાઓ પણ નિર્માણ કરાવતાં હતા... અને હજુ પણ આપણા ગામડાઓમાં ગામ આખુ સાથે મળી અબોલ પંખીઓ માટે આ આંતરમાળખાકીય સુવિધા ઉભી કરવાની પ્રતિબદ્ધતા અકબંધ છે... શહેરી વિસ્તારમાં પણ કોમન પ્લોટ વિસ્તારમાં કબૂતરો ને ચકલા માટે ચણ પથરાય છે... નિયમિત સમયે, નિયત સ્થળે પહોંચવાની અજોડ શક્તિ પરમતત્વએ આ અબોલ પંખીઓને આપી છે... જગતમાં જ્યાં સુધી કરૂણામય ભાવ પથરાયેલો રહેશે ત્યાં સુધી અબોલ પંખીઓ અને પશુઓ માટે માણસ માત્ર પ્રયાસ કરશે ને કરતો રહેશે.... જીવદયા એ જ પ્રભુ સેવા છે...

# જિલ્લાના ૧૫ માર્ગોનું પેવરકામ હાથ ધરાશે

## વરસાદી પાણીના કારણે માર્ગોનું ધોવાણ થતાં ૫ વર્ષના અંતે માર્ગો ઉબડ ખાબડ બન્યા છે!

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના વિવિધ ૧૫થી વધુ રસ્તાઓનું પેવરકામ હાથ ધરવામાં આવશે. ચોમાસા દરમિયાન જિલ્લાને જોડતા રસ્તાઓનું ધોવાણ થતા નિયત સમયકાળના અંતે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે.

ચોમાસા દરમિયાન સામાન્ય રીતે ડામર માર્ગોને નુકશાન થતા રોડ નેટવર્ક પર વિપરિત અસર જોવા મળે છે. સતત ટપકતા વરસાદી પાણીના લીધે માર્ગોનું ધોવાણ થતા રસ્તાઓની દશા બેઠી છે. શહેરના માર્ગો પણ ઉબડ ખાબડ બનતા સેકટરવાસીઓએ હાલાકી ભોગવવી પડે છે. સેકટરોમાં પણ આંતરિક માર્ગો સુધારવાનું કામ ટૂંકમાં હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત શહેરના અન્ય 'ગ' અને 'ક' માર્ગ સહીતના માર્ગોને પણ ચકાચક બનાવવાનું કામ હાથ ધરાશે. સૂત્રોના જણાવ્યા મુજબ શહેરી રસ્તાઓની સાથે જિલ્લાને જોડતા વિવિધ ૧૫ જેટલા માર્ગોને લીસા બનાવવા પણ ટૂંકમાં કામગીરી હાથ ધરાશે. જિલ્લાના આ માર્ગોનું પાંચ વર્ષના અંતે પેવર કામ કરવામાં આવશે. હાલ આ રસ્તાઓ વર્ષોના અંતે ઉબડ ખાબડ હાલતમાં છે. જયારે ચોમાસા દરમિયાન માર્ગની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે. ટ્રાફિકની અવર જવર માટે સરળતા રહે તે માટે ટૂંક સમયમાં જ રસ્તાનું કામ હાથ ધરવામાં આવશે. જયારે અત્યંત ખરાબ હોય તેવા માર્ગોનું કામ અગ્રતાના ધોરણે હાથ ધરાશે.

## ખૂણે... ...ખાંચરેથી

- આજે કાયદો અને વ્યવસ્થા અંગેની બેઠક દરમ્યાન જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપ બહુ ગુસ્સે થઈ ગયા હતા.
- ગાંધીનગરમાં વધતા જતા અકસ્માતના બનાવો અટકાવવા માટે ટ્રાફિક સમિતિની રચના કરવા માટે કલેક્ટરે જણાવ્યું છે.
- આજે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં બે ધારાસભ્યો શંભુજી ઠાકોર અને અશોક પટેલ હાજર રહ્યા હતા.
- પંડિત દિનદયાળ યુનિ. ખાતે સોલાર એનર્જીના ભાવિ અને વિકાસને લઈ એક સેમિનારનું આયોજન ૨ ઉમી સપ્ટે.ના રોજ કરાયું છે.
- ગાંધીનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં આજે વંટોળ બાદ હળવા છાંટા થયા હતા.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો વધવા પામી છે.
- ગાંધીનગર જિલ્લા સંવાદી રોગ નિયંત્રણ સમિતિની આજે બેઠક મળી હતી જેમાં ઓક્ટો. દરમ્યાન નશાબંધી સપ્તાહમાં ગૃહ વિભાગ અને આરોગ્ય વિભાગને સંયુક્તરીતે વ્યસનમુક્તિ ઝુંબેશ યોજવા કલેક્ટરે જણાવ્યું છે.

## ગાંધીનગર ડીડીઓ તરીકે વીક્ટર મેકવાન નિમાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા બી. જે. ભટ્ટની બદલી અરવલ્લી જિલ્લા કલેક્ટર તરીકે થતાં ખાલી પડેલ ડીડીઓની જગ્યા પર શ્રી વીક્ટર મેકવાનની નિમણુંક કરવામાં આવી છે. શ્રી મેકવાન મહિલા બાળ વિકાસ નિયામક તરીકે ફરજ બજાવતા હતા. આજે મોડી સાંજે આઠ ઉચ્ચ અધિકારીઓની બદલીઓના હુકમમાં શ્રી મેકવાનની બદલીનો સમાવેશ થાય છે.


"Take the road to a healthy heart"

"વિશ્વ હૃદય દિન" નિમિત્તે
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય અને
યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર
(બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ સાથે સંલગ્ન)
દ્વારા આયોજીત

ફ્રી હૃદય રોગ નિદાન કેમ્પ

શ્રી નરેન્દ્ર મોદી
મહા. મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

શ્રી નિતિન પટેલ
મહા. મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

શ્રી જયનારાયણ વ્યાસ
મહા. મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, (સંલગ્નકક્ષા) ગુજરાત રાજ્ય

"ફ્રી હૃદય રોગ નિદાન કેમ્પ"

ફક્ત તંદુરસ્ત વ્યક્તિ કે જેઓ કોઈપણ જાતના
હૃદય રોગની, કોલેસ્ટ્રોલની, બ્લડ પ્રેશરની દવા ન લેતા હોય
તેઓની આ નિદાન કેમ્પ દ્વારા તપાસ કરીને જેથી કરીને તેમનામાં
હૃદય રોગ ના જોખમી પરીબળો તેમની જાણ વગર હોવતો તે શોધીને તેમની
સાર-સંભાળ લઇ શકે અને ભવિષ્યમાં હૃદય રોગ થતો અટકાવી શકાય.

વિશ્વ હૃદય દિન

શ્રી કાર્ડિયાક હેલ્થ ચેક-અપ
* કાર્ડિયોગ્રામ
* બધી કાર્ડિયોગ્રાફી
* બ્લડ યુરેન * યુરીન
* લીપીડ પ્રોફાઇલ (ભુખ્યા પેટે)
* હીમોગ્લોબીન * સીરમ ક્રિએટીનીન

રજીસ્ટ્રેશન માહિતી માટે
ફ્રી હૃદય રોગ નિદાન કેમ્પ તંદુરસ્ત વ્યક્તિએ રજીસ્ટ્રેશન માટે ૩૦૧ / ફોન દ્વારા / ઇ-મેલ દ્વારા કરાવવાનું રહેશે. તમોને એપોઇન્ટમેન્ટ આપવામાં આવે ત્યારે જ આવવાનું રહેશે.
સંપર્ક મોબાઇલ : ૦૦૦૦૦૦૦૦૧, ૦૦૦૦૦૦૦૦૨, ૦૦૦૦૦૦૦૦૩, ૦૦૦૦૦૦૦૦૪
E-mail : health@unmicrc@gmail.com
વધુ માહિતી માટે અમારી Website : www.unmicrc.org

નિયમો: (૧) રજીસ્ટ્રેશનનો સમય : સવારે ૮.૦૦ થી બપોરે ૧૨.૦૦ સુધીનો રહેશે. (૨) હૃદય રોગ નિદાન કેમ્પમાં વધુ તપાસની જરૂરીયાત અને વિશેષ તાલીમ આપવી રહેશે. (૩) હૃદય રોગ નિદાન કેમ્પમાં તપાસ, નિદાન વહેલ તે પહેલાના ધોરણે (અગ્રીમતા સંભવમાં) સંભવની શક્યતાને આધીન રહેશે.

કેમ્પનું સ્થળ અને સમય
યુ. એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર
ત્રીજો માળ, નવુ બિલ્ડીંગ,
નવુ સિવિલ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ-૩૮૦ ૦૧૬.
તારીખ:-૨૯-૦૯-૨૦૧૩ થી ૦૬-૧૦-૨૦૧૩ સમય:-સવારે ૧૦-૦૦થી સાંજે ૪-૩૦

સોલા સિવિલ હોસ્પિટલ
ગુજરાત હાઇકોર્ટ પાસે, એસ.જી. હાઇવે,
અમદાવાદ-૩૮૦૦૬૧.
તારીખ:-૨૯-૦૯-૨૦૧૩ અને ૩૦-૦૯-૨૦૧૩
સમય:- સવારે ૧૦-૦૦ થી સાંજે ૪-૩૦

નિમંત્રક
શ્રી રાજેશ કિશોર, આઇ.એ.એસ.
અગ્રસચિવ શ્રી,
તબીબી શિક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય
અને મેડીકલ બોર્ડ, યુ.એન.મેન.સાથ ટી.આર.સી.

ડૉ. આર. કે. પટેલ
માનદ્ નિયામક શ્રી, યુ.એન.મેન.સાથ ટી.આર.સી.
ડૉ. એચ. કે. ભાવસાર
મેડીકલ સુપ્રીન્ટેન્ડન્ટ, સોલા સિવિલ હોસ્પિટલ, અમદાવાદ.

*અહેરાતની કરી આ જાહેરાત અમારા જાહેરાતની ઝેરોક્ષ કોપી સાથે લાવશો.

Design : Print Graphic Dept. (UNMICRC) 9825813



# જાહેર નોટીસ અને ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ તે અમારા અસીલો (૧) હઠીજી માધુજી (૨) ડાહ્યાજી માધુજી (૩) રમેશજી માધુજી (૪) જશુજી માધુજી (૫) શકરીબેન તે માધુજી ધોળાજીની વિધવા તમામ રહે. રાંદેસણ, તા.જી. ગાંધીનગરનાઓની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ અને ચેતવણી આપી જણાવીએ છીએ કે, મોજે ગામ રાંદેસણ, તા.જી. ગાંધીનગરની સીમના બ્લોક નં. ૧૭૩ તથા બ્લોક નં. ૧૭૪ વાળી જમીન અમારા અસીલોની વડીલોપાર્જીત વારસાઈ હક્કની સંયુક્ત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલતી આવેલ જમીનનો અંગે ખોટી રીતે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી બોગસ પાવર ઓફ એટર્ની કરી અને અન્ય લખાણો ઉભા કરીને એવા લખાણો આધારે રજી. વેચાણ દસ્તાવેજ નં. ૯૦૩૯ થી તા. ૧/૭/૨૦૧૦ના રોજ ઉપજાવી કાઢેલ છે. જે વેચાણ દસ્તાવેજ અવેજ વગરનો કબજા વગરનો અને કાયદેસરના જમીન માલિકોની સહી સંમતિ વગરનો હોવાથી તેમજ બ્લોક પૈકીના વેચાણ અંગે સક્ષમ ઓથોરીટીની પરવાનગી વગર કહેવાતો બોગસ ખોટો અને નલીટી વેચાણ દસ્તાવેજ હોવાથી તેની વેલીડીટી રહેતી નથી. જેમાં આવા લેન્ડ ગેમ્બલીંગના માહિર એવા ગરીબ અને પછાત ખેડૂતોની જમીનો પચાવી પાડવા માટેની રીતસરની કાર્યવાહી કરી ઓપરેશન પાર પાડી આવા કૃત્યો વારંવાર કરવા ટેવાયેલા એવા અને જેમની પાસે અમદાવાદ ગાંધીનગર અને ગુજરાતમાં અન્ય ઘણા જ પોલીસ કેસો અને ફરીયાદો થયેલ છે. તેવા જમીન કૌભાંડીઓ (૧) રાહુલ સુરેશકુમાર ઠાકર રહે. ઘાટલોડીયા, અમદાવાદ (૨) પટેલ અશ્વિનભાઈ રમણલાલ રહે. ચલોડા, તા. ધોળકા, (૩) રબારી સાગરભાઈ જીવણભાઈ રહે. કાલેરા, તા. સિદ્ધપુર, જી. પાટણ, (૪) શૈલેષ નટવરલાલ પરમાર રહે. ચેનપુર, તા. દસક્રોઈ, જી. અમદાવાદ (૫) રમેશભાઈ પ્રભાતભાઈ દેસાઈ રહે. ચાણક્યપુરી, અમદાવાદ (૬) કલ્પેશભાઈ રામજીભાઈ દેસાઈ રહે. ચાણક્યપુરી, ઓવરબ્રીજ, ઘાટલોડીયા, અમદાવાદ (૭) પટેલ અશોકભાઈ મગનભાઈ રહે. શાહપુર, તા.જી. ગાંધીનગર (૮) દુષ્યંતભાઈ ભીખાભાઈ પટેલ રહે. દહેગામ, તા. દહેગામ, ગાંધીનગર (૯) દેસાઈ ગોવિંદભાઈ બબાભાઈ રહે. કાળીગામ, તા. સીટી, જી. અમદાવાદ (૧૦) રાજેન્દ્ર આર. શાહ એડવોકેટ નોટરી સીટી સીવીલ કોર્ટ, અમદાવાદ (૧૧) રમેશભાઈ ધરમશીભાઈ દેસાઈ રહે. ઘાટલોડીયા, અમદાવાદ (૧૨) દેસાઈ ફૂલ તેજલકુમાર રહે. નારણપુરા, અમદાવાદ (૧૩) પંકજકુમાર શંકરલાલ રહે. નારણપુરા, અમદાવાદ તમામ આરોપીઓએ એકબીજા મેળાપીપણામાં વેચાણ દસ્તાવેજ તથા અન્ય લખાણો કરારો અને બાનાખતો ઉભા કરતાં તેઓની વિરૂદ્ધ ગાંધીનગરના મે. જ્યુ. મેજી. (ફ.ક.) સાહેબની કોર્ટમાં કોર્ટ ઈન્કવાયરી નં. ૧૭/૧૧ થી ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૩, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪, ૧૨૦ (બી) મુજબ ફરિયાદ દાખલ કરતાં સેક્ટર-૭ ગાંધીનગર પોલીસે ક્રી.પ્રો.કો. કલમ ૨૦૨ મુજબ પોલીસ તપાસ કરી તમામ આરોપીઓ વિરૂદ્ધ ગુન્હો બનતો હોવા અંગેનો રીપોર્ટ નામદાર ફોજદારી કોર્ટમાં રજૂ કરેલ છે. તેમજ દીવાની કોર્ટમાં સ્પે. દિ.મુ. નં. ૧૨૧/૧૧ થી ગેરકાયદેસરનો દસ્તાવેજ તથા અન્ય લખાણો રદ કરવા દાવો તથા મનાઈ અરજી કરેલ છે. જે પેન્ડીંગ છે તેમ છતાં કેટલાંક મોટા માથા અને અધિકારીઓએ આ ગરીબ ખેડૂતોની જમીનો મફતમાં પચાવી પાડવા માટેના કાવતરા રચી તેમના દબાણમાં અને પ્રેશરમાં સરકારી રેકર્ડ સાથે કાયદાને અને નિયમોને નેવે મુકી સત્તા ફરજ અને અધિકારોની ઉપરવટ જઈ જે તે વખતે ખોટા વેચાણની રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૨૭૩૭ની રેકર્ડ ઓફ રાઈટ્સના સરકારશ્રીના પરિપત્રની તદ્દન વિરૂદ્ધ જઈ બ્લોક પૈકીનું પરવાનગી વગરનું વેચાણ તેમજ બાકીના સહમાલિકોનું સોગંદનામું કે સંમતી જવાબ વગર જે તે વખતના ઈ-ધારા નાયબ મામલતદારે નોંધ નં. ૨૭૩૭ પાડી ત્યારબાદ આર.ડી. પટેલ સર્કલ ઓફીસરશ્રી ગાંધીનગરનાએ આર્થિક મોટું કૌભાંડ કરી નોંધ પ્રમાણીત કરી ૭/૧૨માં વેચાણ રાખનારઓના નામ ખોટી રીતે દાખલ કરાવીને મોટું કૌભાંડ કરેલ છે. તેમજ તેઓ તમામ એકબીજાના મેળાપીપણામાં સરકારી રેકર્ડ સાથે ચેડા કરી ગરીબ ખેડૂત જમીન માલીકને ધાક-ધમકી આપીને મફતમાં જમીન પડાવી લેવા માટેના ગેરકાયદેસરના કૃત્યો કરતાં હોવાથી તેઓ તમામની વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૩, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦ (બી) મુજબની કાયદેસરની ફરીયાદ પી.આઈ. શ્રી એલ.સી.બી. ગાંધીનગર સમક્ષ કરેલ છે. અને નોંધ નં. ૨૭૩૭ ખોટી રીતે પાડનાર જવાબદાર કર્મચારીઓ વિરૂદ્ધ કાયદેસરના ખાતાકીય પગલાં લઈ ફરજ મુક્ત કરવા મે. કલેક્ટરશ્રી ગાંધીનગરને લેખિતમાં પુરાવા સાથે ફરિયાદ કરેલ છે. તેમજ વીઝીલન્સ ગાંધીનગર સમક્ષ પણ આ અંગે ફરિયાદ કરેલ છે. તેમજ નોંધ નં. ૨૭૩૭ સામે આર.ટી.એસ. અપીલ નં. ૯૪/૧ ઉથી દાખલ કરી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો મનાઈ હુકમ મેળવેલ છે. તેમજ બ્લોક ભંગના ટુકડા ધારા કોન કેસ નં. ૧૧/૨૦૧૩થી દાખલ કરેલ છે. તે સુનાવણી ઉપર હોવા છતાં ૭/૧૨માં અશ્વિનભાઈ રમણલાલ પટેલ અને સાગરભાઈ જીવણભાઈ રબારી ક્ષેત્રફળ ૧૨૬૨૬ જમીન અંગે બજારમાં વેચાણ કરવા ફરતા હોવાનું અમારા અસીલના ધ્યાનમાં આવેલ છે. તેવા બોગસ લખાણોના આધારે કબજા વગરના અને અવેજ વગરના દસ્તાવેજ ઉભા કરેલ વ્યક્તિઓની સાથે જાહેર જનતાએ કોઈપણ જાતના નાણાકીય કે વેચાણ વ્યવહાર કરી લખાણ કરાર કે કોઈપણ જાતના ડોક્યુમેન્ટ ઉભા કરવા કરાવવા નહિ અને આવા લખાણો ઉભા કરેલાનું અસીલના ધ્યાનમાં આવશે તો તેવા લખાણો કરનારની વિરૂદ્ધમાં કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરીને આરોપી તરીકે કાયદેસરના પગલા લઈશું જે અંગેની આ જાહેર નોટીસ અને ચેતવણીથી જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

સ્થળ : ગાંધીનગર
તા. ૩૧/૯/૨૦૧૩

સહી/-
**કે.બી. વાઘેલા એન્ડ એસોસીએટ્સ**
**કરણસિંહ બી. વાઘેલા**
**પી.બી. ગોહિલ**
(એડવોકેટ્સ)

૬૦૨, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર નં. ૧૧, ગાંધીનગર. મો. : ૯૮૨૪૧ ૮૭૭૬૬


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૦૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com